**મંજુરીની દરખાસ્તમાં કાળજી લઈ મંજુરી અર્થે દરખાસ્ત મોકલવા બાબત.**

## :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે અત્રે ની કચેરીએ મંજુરી અંગે આવતી દરખાસ્તો માં નીચે દર્શાવ્યા મુજબની ક્ષતિઓ જોવા મળે છે જેમાં કાળજી લેવામાં આવે તો અત્રેથી મંજુરી આપવામાં સુગમતા રહે અને કામગીરી ઝડપી થઈ શકે, જે થી નીચે ની બાબતોની કાળજી રાખવા આથી જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| **મુદ્દાનં.૧** | જે તે કચેરીના વડાએ સ્ટેચ્યુટ માં જણાવ્યા મુજબ જેતે બજેટ સદરે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આપને એનાયત થયેલ સત્તા નો ઉપયોગ કર્યા બાદ વધારાની જરૂરીયાત હોય તેવા કિસ્સામાં મંજુરી માટે અત્રે દરખાસ્ત મોકલવી. |
| **મુદ્દાનં.૨** | વિભાગો તરફથી તેમના વડાશ્રી મારફત આવતી દરખાસ્તો વિભાગીય વડા કે યુનિટના વડા તરફ થી દરખાસ્તની પુરતી ચકાસણી વગર અત્રે મોકલવામાં આવે છે.જેના પરિણામ સ્વરૂપે અત્રેથી દરખાસ્તમાં રહેલ ક્ષતિઓને કારણે પરત કરવામાં આવે છે.જેથી કામગીરીમાં વિલંબ થતો હોય છે.<br>વધુમાં તાઃ૩૧/૧૨/૨૦૧૬ના રોજ યુનિવર્સિટી તરફથી કરવામાં આવેલ રેટકોન્ટ્રાકટની મુદ્દત પુર્ણ થનાર છે.આમ રેટ કોન્ટ્રાકટનો ખુબજ ઓછો સમય બાકી હોઈ દરેક દરખાસ્ત સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ મંજુરી અર્થે અત્રે મોકલવી જેથી સમય મર્યાદામાં ખરીદી ની કામગીરી પૂર્ણ કરી શકાય. |

જા.નં:નકૃયુ/રજી/અ.૩.૧/ ૧૫૩૪૦-૪૪/૨૦૧૬
નવસારી, તારીખ: ૦૯-૧૧-૨૦૧૬.

ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

<u>નકલ સવિનય રવાના :-</u>

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

૨. સંશોધન નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ થવા સારૂ.

૩. વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ થવા સારૂ.